Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-1, June 2019
Impact Factor: 4.081
www.researchguru.net

# ઓપન માર્કેટ: ગુજરાત

Dr. Sanjaykumar Kantibhai Parekh
Asst. Librarian, ARIBAS, New Vallabh Vidyanagar-388121 Ta & Dist: Anand.
Phone:02692-229189 Email: sanjay180476@yahoo.com, Mobile: +91-6351774526.

**પ્રસ્તાવના:**

વિધવાન અર્થશાસ્ત્રીઓનાં મત અનુસાર બજારોના સરકારી નિયમન, સ્પર્ધા માટેનો અવકાશ અને વેપારના માર્ગમાં આવતી સ્થાનિક સાંસ્કૃતિક રિવાજોની ગેરહાજરીના આધારે બજારોની "ખુલ્લી મુક્તિ" નક્કી કરે છે. મુખ્ય સિદ્ધાંત એ રહેલો છે, કે સંપૂર્ણ ખુલ્લું બજાર સંપૂર્ણપણે મુક્ત બજાર છે જેમાં તમામ આર્થિક અભિનેતાઓ કોઈપણ બાહ્ય અવરોધ વિના વેપાર કરી શકે છે. વાસ્તવમાં, કેટલાક બજારો અસ્તિત્વ ધરાવે છે જે તે હદ સુધી ખુલ્લા હોય છે, કારણ કે તેઓ સામાન્ય રીતે વેપાર માટે લાગુ પડતા કાયદાકીય માળખા વગર સંચાલન કરી શકતા નથી, જે મિલકતની સુરક્ષાની ખાતરી આપે છે, વ્યવહારો સાથે સંકળાયેલ કરાર સંબંધી જવાબદારીઓની પૂર્તિ, અને છેતરપિંડી નહીંવત જોવાં મળે છે. “મુક્ત વેપાર માટેનો ભૌગોલિક વિસ્તરણ નો નવો યુગ બનશે”.[૧]

**ચાવીરૂપ શબ્દ:** મુક્ત બજાર, ખુલ્લુ બજાર, મુક્ત વેપાર ક્ષેત્ર.

**મુક્ત બજારનો અર્થ:**

“આર્થિક બજાર કે, જેમાં ભાવ ખાનગી ઉદ્યોગો વચ્ચે સ્પર્ધા પર આધારિત છે અને સરકાર દ્વારા નિયંત્રિત નથી તેવાં બજારને મુક્ત બજાર તરીકે ઓળખાય છે”. [૨]

–મેરિઅમ વેબસ્ટર ડિક્શનરી (૧૯૨૮).

ઓઇસીડી (આર્થિક સહકાર અને વિકાસ માટેની સંસ્થા) અનુસાર, “ખુલ્લા બજારો બંધ આર્થિક બજારો કરતા મજબૂત આર્થિક વૃદ્ધિ, ઉચ્ચ ઉત્પાદકતા, જીવનશૈલીના ઉચ્ચ ધોરણ, વધુ નવીનતા અને મજબૂત સંસ્થાઓ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો આનંદ માણે છે”. [૩]

– Organisation for Economic Co-operation and Development (Paris)

“ખુલ્લું બજાર એટલે કે કોઈપણ ગ્રાહકની સેવા માટે, અથવા કોઈપણ વ્યવસાય કે જે ગુમાસ્તા ધારા મુજબ નોધણી કરાયેલ હોય, અથવા કોઈ પણ કાર્યકરની મદદથી ખોલવામાં આવ્યો હોય જે સમાન પ્રકારના કામ દિવસના જુદા જુદા સમયગાળા દરમ્યાન કામ કરતા કામદારોના બે અથવા વધુ શીફ્ટ દ્વારા કરવામાં આવે છે”. [૪]

- ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ,૨૦૧૯

**સાહિત્ય સમીક્ષા**

કન્ઝ્યુમર પોલિસી ટૂલકિટ, ઑઈસીડી ૨૦૧૦ માં સૂચવ્યા અનુસાર "માહિતી અને સંચાર ટેકનોલોજી (આઇસીટી) ના વિકાસ અને ઝડપી પ્રસારનાં લીધે લોકો દ્વારા ખરીદવામાં આવતી વસ્તુઓ અને સેવાઓ પર નોંધપાત્ર અસર પડી છે. જે રીતે તેઓ આ ઉત્પાદનો ખરીદે છે"[૫]

ટોપોરોસ્કી(૨૦૦૬) ના મત અનુસાર "ઓપન માર્કેટ સંચાલનથી સીધી અથવા આડકતરી રીતે તરલતાને પ્રભાવિત કરવાની ક્ષમતા વધુ જોવા મળે છે અને અન્ય બજારોમાં વધુ ઉપજો મેળવવા માટે વધારાની મૂડી-મિલકત જરૂર પડે છે"[૬]

ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ઓફ સિક્યૂરીટી કમિશનને ફાઇનલ રિપોર્ટ (સપ્ટેમ્બર, ૨૦૦૯) રજૂ કર્યો હતો, "જે અન્વયે ઉભરતા બજારોમાં નાણાકીય કટોકટી પર અસર અને પ્રતિભાવોમાં ભલામણો આપવામાં આવી હતી કે આંતરરાષ્ટ્રીય મૂડી બજારોને ટકાવા માટે ઘણા ન્યાયક્ષેત્રો દ્વારા અપનાવવામાં આવેલા ખુલ્લા બજાર અને પ્રો-ઇન્વેસ્ટમેન્ટ નીતિઓ એ ઉભરતા મૂડી બજારોના વિકાસના મુખ્ય સ્ત્રોત છે, સરકારો અને મધ્યસ્થ બેંકોએ કટોકટીની સ્થિતિમાં મૂડીના પુન: પ્રવેશને સંચાલિત કરવાની જરૂર છે, આ માટે અર્થતંત્રમાં અસ્થિરતાના સ્ત્રોત તરીકે મૂડી પ્રવાહિતાના અવરોધ ને મહત્વપૂર્ણ બાબત ગણવામાં આવે છે.[૭]

**ઓપન માર્કેટ: ગુજરાત**

ગુજરાત રાજ્યના સ્થાપના દિને એટલેકે ૧, મે ૨૦૧૯નાં રોજથી ઓપન માર્કેટની સૌ પ્રથમ શરૂઆત કરનાર ગુજરાત રાજ્ય છે. ગુજરાત સરકાર ગુમાસ્તા ધારા-૨૦૧૯ (ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ,૨૦૧૯) જાહેરનામુ ગેઝેટનાં માધ્યમ થકી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ કાયદો ૬ માર્ચ, ૨૦૧૯ના રોજ રાજ્યપાલ દ્વારા મંજૂર કરવામાં આવેલો છે અને સમગ્ર ગુજરાતમાં આ કાયદાનું વિસ્તરણ રહેલું છે.

**ઓપન માર્કેટની જરૂરિયાત શા માટે ?**

ગ્રામ્ય કક્ષાએથી શહેરી તરફ રોજગારી અર્થે આવતાં વ્યક્તિઓ માટે, તેમજ શહેરોમાં કામનાં કલાકોનાં લીધે ખરીદીનો પૂરતો સમય ન મળવાને કારણે તેમજ વધુ પડતાં કાર્ય-બોજ, ઓવર ટાઇમનાં લીધે જીવન જરૂરી આવશ્યક ચીજ-વસ્તુઓ માટે સમય ન મળવાને કારણે ગુજરાત રાજ્ય સરકારે આ કાયદામાં સુધારો કર્યો છે, જે ૨૪ (ચોવીસ) કલાક ખુલ્લાં રાખી શકાશે. હવેથી પોલિસ કે અન્ય કોઈ સ્તાતંત્ર આ દુકાનોને બંધ કરવા ફરજ પાડી શકશે નહીં, જો કે નાના શહેરો, ગ્રામ્ય વિસ્તારોમાં દુકાનો, હોટલો કે અન્ય સંસ્થાઓ ખુલ્લાં રાખવાં માટેનો સમયગાળો ચોવીસ કલાક નહી રહે. [૮]

**ઓપન માર્કેટનાં ફાયદા:**

૧. રોજગારીમાં વધારો જોવા મળશે

૨. જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ ખરીદી કરવાનો અને પોતાની પસંદગીની વસ્તુ

ખરીદી કરવાનો પુરતો સમય મળી રહેશે.

૩. દરેક ક્ષેત્રે પ્રગતિ જોવા મળશે.

૪. સમય અને નાણાની બચત થશે.

૫. લોકોનાં જીવન-ધોરણમાં બદલાવ લાવી શકાશે.

ઓપન માર્કેટ અન્વયે કઈ-કઈ દુકાનો અને સેવા આપતી સંસ્થાઓ ખુલ્લી રહેશે અને તે અંગેની સુરક્ષાની જ્વાબદારી કોની રહેશે ?

કોસ્ટક:૧

| **વિસ્તાર** | **કઈ-કઈ દુકાનો અને સેવા આપતી સંસ્થાઓ** | **સમય ગાળો** | **સુરક્ષાની જ્વાબદારી** |
|---|---|---|---|
| મહાનગર પાલિકા | નેશનલ હાઇવે, રેલ્વે સ્ટેશનો, એસટી બસ સ્ટેશન કે હોસ્પીટલમાં આવેલાં વ્યવસાયિક સંસ્થાઓ, પેટ્રોલ પંપ, હોટલ્સ, મોલ્સ, સિનેમા ગૃહો, ખાણીપીણી બજારો, આર્ટિકેટ્સ, ઈજનેર, એકાઉંન્ટન્સ, ટૅક્સ કન્સલ્ટ્ન્સ, બૅન્કિંગ-ઇન્સ્યોરન્સ, શૅરબજાર કે સ્ટોકનાં વ્યાપારી, સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ હેઠળની સંસ્થા | ૨૪ કલાક | પોલિસ કમિશ્નર |
| નગર પાલિકા | | રાત્રે ૨ થી ૬ ના સમયગાળા સિવાયના કલાકો દરમ્યાન ગમે ત્યારે ખુલ્લા રહી શકે. | પોલિસ કમિશ્નર |
| ગ્રામ્ય વિસ્તારો | | રાત્રે ૧૧ થી વહેલી સવારે ૬ વાગ્યા સુધીનાં સમયગાળા સિવાયનાં કલાકોમાં ખુલ્લાં રાખી શકાશે. | સુપરિંટેંડેંટ ઓફ પોલિસ (એસ.પી) |

Source: Times of India (2019, May 2) and Divya Bhaskar (2019, May 2) ૯-૧૦

**કલ્યાણ લક્ષી જોગવાઈ**:

ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ,૨૦૧૯ અન્વયે દરેક એમ્પ્લોયરે પોતાની દુકાનમાં કે સ્થાપિત સંસ્થામાં ફરજ બજાવતાં કર્મચારીઓ માટે નીચે મુજબની સવલતો પુરી પાડવાની રહેશે.

**પીવાનું શુદ્ધ પાણી:**

દરેક એમ્પ્લોયરે દુકાનમાં કે સ્થાપિત સંસ્થામાં કામ કરતા બધા કામદારો માટે યોગ્ય રીતે યોગ્ય પીવાના પાણીની પૂરતી સુવિધા આપવાની અને જાળવવા માટે અસરકારક વ્યવસ્થા કરશે.

**શૌચાલય:**

દરેક એમ્પ્લોયરે પોતાને ત્યાં કામ કરતાં કર્મચારીઓ માટે અલાયદું એટલેકે પુરૂષો અને મહિલાઓ માટે અલગ સુલભ શૌચાલય પૂરું પાડશે.

**નાના બાળકોને સાચવવા માટેની વ્યવસ્થા:**

દુકાનમાં કે સ્થાપિત સંસ્થામાં જો, 30 કે તેથી વધુ મહિલા કર્મચારીઓ કામ કરતી હોય, તો મહિલા કર્મચારીઓને પોતાનાં નાનાં બાળકોને સાચવવા માટે એક અલાયદી રૂમની વ્યવસ્થા કરવાની રહેશે.

**પ્રાથમિક સારવાર:**

દરેક એમ્પ્લોયરે કામની જગ્યાએ ફર્સ્ટ-એઇડની સવલતો સુનિશ્ચિત કરવાની રહેશે.

**કેન્ટીન:**

એમ્પ્લોયરે પોતાની દુકાનમાં કે સ્થાપિત સંસ્થામાં ૧૦૦થી ઓછા કર્મચારીઓ કાર્ય કરતાં હોય તો તેમનાં માટે કેન્ટિનની સવલત પુરી પાડવાની રહેશે.

**ગુનો અને સજાની જોગવાઈ:**

કોઈપણ દુકાન, શોપ કે સંસ્થાની નોધણી ગુજરાત સરકાર ગુમાસ્તા ધારા-૨૦૧૯ હેઠળ કરવામાં ન આવે તો, કલમ અથવા તેના હેઠળ ૬બનાવેલા નિયમોની જોગવાઈના ઉલ્લંઘન બદલ ૧૦,૦૦૦/- (દસ હજાર રૂપિયા) ના દંડ સાથે સજાપાત્ર રહેશે અને જેમાં નોંધણી ફી પણ શામેલ હશે.

તદઉપરાંત, આ કાયદામાં આપવામાં આવેલ જોગવાઈ અનુસાર અને કોઈપણ નિયમોના ઉલ્લંઘન બદલ દોષીત થાય, જેમાં અકસ્માતમાં ગંભીર શારિરીક ઈજા થઈ હોય, અથવા મજૂરની મૃત્યુ થાય, તે ગુનેગાર ઠરે, તો સજાને પાત્ર ઠરે છે જેમાં છ મહિના અથવા દંડ સાથે જે પચ્ચીસ હજાર રૂપિયા કરતા ઓછી નહીં હોય તેવી અને તેથી વિસ્તુત પચાસ હજાર સુધીનાં દંડની જોગવાઈ છે.

**સમાપન:**

ગુજરાત સરકાર ગુમાસ્તા ધારા-૨૦૧૯ હેઠળ કરવામાં આવતી કોઈ પણ દુકાન, શોપ કે સંસ્થાની નોધણી અન્વયે ગુજરાતનાં બજારોને ને એક નવું રૂપ મળશે. રાષ્ટ્રિય ધોરી માર્ગો (નેશનલ હાઇવે) અને શહેરના રેલ્વે પ્લેટફૉર્મ, એસ.ટી બસ સ્ટેશન, હોસ્પિટલ, પેટ્રોલ પંપો પરની તમામ દુકાનો, હોટલો, રેસ્ટોરન્ટ, ખાણી-પીણી બજાર, સિનેમા ગૃહો, દવાખાના કે અન્ય વ્યવસાયિક સંસ્થાઑને ચોવીસ કલાક ખુલ્લાં રાખવાથી વેપારીઓને અને ગ્રાહકોને ચોક્કસ ફાયદારૂપ બની રહેશે અને દરેક કર્મચારી કે અન્ય કામમાં રોકાયેલાં વર્ગને કામના કલાકો પછી ખરીદી કરવા માટે સાનુકૂળ સમય મળી રહેશે.

**સંદર્ભ:**

૧. Sheppard, David K., ‘Central Bank Open Market Operation’-Finance and Development; vol. 5(01), March 1968, p.12

૨. Marriam-Webster (2004). Merriam Webster’s collegiate dictionary. Merriam Webster: Springfield.

૩. https://www.oecd.org. Access on 19th February 2019.

૪. https://col.gujarat.gov.in/images/lc/17-The-guja-shops-and-Act-2019.pdf. Retrieved on 20th March 2019.

૫. Consumer Policy Toolkit, OECD 2010. The changing consumer and market landscape. Retrieved from http://www.oecd.org/berlin/45710126.pdf.

૬. Toporowski, Jan.(2006). Open market operations: beyond the new consensus. Retrieved from https://www.nbp.pl/badania/seminaria/29v2018-2.pdf

૭. International organization of securities commissions (September, 2009). Final report on impact on responses of emerging markets to the financial crisis. Retrieved from https://www.iosco.org/library/pubdocs/pdf/IOSCOPD307.pdf

૮. https://marketbusinessnews.com/financial-glossary/open-market/ Retrieved on 2nd May 2019.

૯. Times of India (2019, May 2) Retrieved from https://timesofindia.indiatimes.com

૧૦. Divya Bhaskar (2019, May 2). Retrieved from https://epaper.divyabhaskar.co.in/